### શહેરના સંવેદનશીલ અને શંકાસ્પદ વિસ્તારોમાં વિશેષ કોમ્બિંગ ઓપરેશન હાથ ધરાયું

# વડોદરા SOG એક્શનમાં, લારી-કાફે-રેસ્ટોરન્ટમાં સરપ્રાઈઝ ચેકિંગ કરાયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭
વડોદરા શહેરમાં સોશિયલ મીડિયા મારફતે યુવતીએ કેટલાક વિસ્તારોમાં નશીલા પદાર્થોના ગેરકાયદે વેચાણ અંગે વિસ્તારના નામ સાથે માહિતી આપતા પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે. ફરિયાદ બાદ શુક્રવારે વડોદરા શહેર SOG દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરાયું હતું. ટીમે લારીઓ, કાફે અને રેસ્ટોરન્ટ સહિતના સ્થળોએ તપાસ કરી નશીલા પદાર્થોના વેચાણ કે સેવન અંગે ચકાસણી કરી હતી. પોલીસની અચાનક કાર્યવાહીને પગલે સંચાલકો અને નશાખોરોમાં ફફડાટ ફેલાયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, સોશિયલ મીડિયા પર થયેલી રજૂઆતને ગંભીરતાથી લઈ શહેરના સંવેદનશીલ અને શંકાસ્પદ વિસ્તારોમાં વિશેષ કોમ્બિંગ ઓપરેશન હાથ ધરાયું હતું. તપાસ દરમિયાન ગ્રાહકો, સંચાલકો તેમજ આસપાસ શંકાસ્પદ રીતે ફરી રહેલા લોકોને પૂછપરછ કરવામાં આવી હતી. કેટલાક સ્થળોએ ઓળખ અને દસ્તાવેજોની પણ ચકાસણી કરવામાં આવી હતી. પોલીસ દ્વારા હોટલ, પાનના ગલ્લા, ચાની લારીઓ તથા જાહેર સ્થળોની આસપાસ ખાસ નજર રાખવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે નશીલા પદાર્થોના વેચાણ અને સેવન સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવામાં આવી રહી છે અને આવી પ્રવૃત્તિમાં સંડોવાયેલા કોઈપણ વ્યક્તિ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સાથે જ શહેરના નાગરિકોને પણ આવી કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ નજરે પડે તો તાત્કાલિક પોલીસને જાણ કરવાની અપીલ કરવામાં આવી છે. આગામી દિવસોમાં પણ આવા અચાનક ચેકિંગ અને ડ્રાઈવ સતત ચાલુ રહેશે.

## માંજલપુર વિસ્તારમાં ગાંજાનો જથ્થો છુપાવી છૂટક વેચાણ કરતા શખ્સની ધરપકડ

### 1.208 કિલો ગાંજો અને રોકડ સહિત રૂ.65 હજારનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭
વડોદરા શહેરને નશામુક્ત બનાવવાના અભિયાન અંતર્ગત શહેર SOGએ માંજલપુર વિસ્તારમાં દરોડો પાડી ઝૂંપડામાં ગાંજો સંતાડી છૂટકમાં વેચાણ કરતા એક શખ્સને ઝડપી પાડ્યો છે. વિશ્વામીત્રી ટાઉનશીપ સામે પારસી ભીસ્તા વિસ્તારમાં ગણપતિ મંદિર પાસે આવેલી ઝૂંપડીમાંથી પોલીસે 1 કિલો 208 ગ્રામ ગાંજો, રોકડ રકમ સહિત રૂ.65 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.



વડોદરા શહેરમાં નશીલા પદાર્થોના ખરીદ-વેચાણ તથા હેરાફેરી સામે SOG દ્વારા સતત વોચ રાખવામાં આવી રહી છે. આ દરમિયાન SOGના હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહ અશોકસિંહને બાતમી મળી હતી કે, માંજલપુરના પારસી ભીસ્તા વિસ્તારમાં ગણપતિ મંદિર પાસે ઝૂંપડામાં રહેતો હરી મોહન કહાર પોતાના ઝૂંપડામાં ગાંજો સંતાડી ગ્રાહકોને છૂટકમાં વેચાણ કરે છે. બાતમીના આધારે SOGની ટીમે દરોડો પાડ્યો હતો. દરમિયાન ઝૂંપડામાં હરી કહાર હાજર મળી આવ્યો હતો. પોલીસે તપાસ કરતાં ત્યાંથી 1 કિલો 208 ગ્રામ ગાંજો રૂ.60 હજાર તેમજ ગાંજાના વેચાણમાંથી મળેલી રોકડ રકમ મળી આવી હતી. આમ, પોલીસે રૂ.65,150નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ આરોપી આ ગાંજો અજાણ્યા શખ્સ પાસેથી મેળવી આર્થિક ફાયદા માટે છૂટકમાં વેચાણ કરતો હતો. સમગ્ર મામલે હરીભાઈ કહાર તથા ગાંજો સપ્લાય કરનાર અજાણ્યા શખ્સ વિરુદ્ધ માંજલપુર પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાવી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસ તપાસમાં હરી મોહન કહાર સામે અગાઉ પણ NDPS એક્ટ હેઠળ ત્રણ ગુના નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.SOG હવે ગાંજાનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને શહેરમાં અન્ય કોને સપ્લાય કરવામાં આવતો હતો તે દિશામાં પણ તપાસ કરી રહી છે.

### ગાંજાના સપ્લાયરને ઉંડેરા તળાવ પાસેથી SOGએ દબોચ્યો

ફતેહગંજ પોલીસ સ્ટેશનના ગાંજો સપ્લાય કરવાના ગુનામાં ગાંજાના સપ્લાયર તરીકે વોન્ટેડ આરોપીને ઉંડેરા પાસેથી વડોદરા શહેર SOGએ ઝડપી પાડ્યો છે.તા.28 જુલાઈના



રોજ ફતેહગંજ પોલીસે નવાયાર્ડના આલાહજરત ચોક પાસે ખુલ્લી જગ્યામાં દરોડો પાડી શાનેમોહમદ નબઝુલ પઠાણને 10.03 ગ્રામ ગાંજા સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે ગાંજા સહિતનો મુદ્દામાલ કબજે કરી NDPS એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. તપાસ દરમિયાન ગાંજો સપ્લાય કરનાર મુનાવર અનવર રાણાને વોન્ટેડ જાહેર કરાયો હતો.દરમિયાન SOGની ટીમને બાતમી મળી હતી કે મુનાવર રાણા ઉંડેરા તળાવ પાસે મહાકાળી માતાના મંદિર નજીક હાજર છે. જેના આધારે ટીમે સ્થળ પર પહોંચી તેને ઝડપી પાડ્યો હતો.

### સમાની પાર્થ સ્કૂલમાં SOGનો અવેરનેસ કાર્યક્રમ યોજાયો



પોલીસ કમિશનર નરસિમ્હા કોમરની અધ્યક્ષતામાં શિક્ષણ વિભાગના સંકલનમાં સમા સ્થિત પાર્થ સ્કૂલ, જલારામ મંદિર ખાતે ડ્રગ્સ અવેરનેસ કાર્યક્રમ યોજાયો. યુવાઓને નશાથી દૂર રહેવા અને ડ્રગ્સના આરોગ્ય, સામાજિક તથા કાનૂની દુષ્પ્રભાવ અંગે જાગૃત કરાયા હતા.

### વડોદરા મહાનગરપાલિકાના ખોરાક વિભાગની લાલઆંખ

## 'એનાલોગ પનીર-ચીઝ' વેચતા ૧૨ યુનિટો પર દરોડા,લાયસન્સ રદ કરવાની ચીમકી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭
ગુજરાત સરકાર દ્વારા એનાલોગ પનીર અને એનાલોગ ચીઝના વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેના પગલે વડોદરા મહાનગરપાલિકાના ખોરાક શાખા દ્વારા શહેરભરમાં આકસ્મિક તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કમિશનરની સૂચના અને વરિષ્ઠ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ ઝુંબેશમાં પ્રતિબંધિત ચીજવસ્તુઓનું વેચાણ કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. મહાનગરપાલિકાના સિનિયર ફૂડ સેફ્ટી ઓફિસરો અને ફૂડ સેફ્ટી ઓફિસરોની ટીમે શહેરના ગોરવા, સમા રોડ, જીઆઈડીસી-મકરપુરા, છાણી, કારેલીબાગ અને રાવપુરા જેવા મહત્વના વિસ્તારોમાં સઘન તપાસ હાથ ધરી હતી. આ કામગીરી દરમિયાન ૬ રિટેલર્સ, ૨ ઉત્પાદક પેઢીઓ અને ૪



હોલસેલર્સ મળીને કુલ ૧૨ યુનિટો પર ઈન્સપેક્શન કરવામાં આવ્યું હતું. વડોદરા મહાનગરપાલિકાએ તમામ હોટલ, રેસ્ટોરન્ટ, ફૂડ વેન્ડિંગ એસ્ટાબ્લિશમેન્ટ અને ખાણી-પીણીની લારી-ગલ્લાના સંચાલકો માટે કડક સૂચનાઓ જાહેર કરી છે. હવેથી દરેક ખાદ્ય એકમે ગ્રાહકો જોઈ શકે તે રીતે તેમના દ્વારા ઉપયોગમાં લેવાતા રો-મટીરિયલ જેવા કે પનીર, ચીઝ, બટર, ખાદ્યતેલ અને મરી-મસાલાની વિગતવાર યાદીનું બોર્ડ મારવું ફરજિયાત રહેશે. આ સાથે, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ મેળવેલ લાયસન્સ અથવા રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ પણ ગ્રાહકોની નજરે પડે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે. પાલિકા તંત્ર દ્વારા સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપવામાં આવી છે કે, ગુજરાત સરકારના આદેશોનું ઉલ્લંઘન કરીને જો કોઈ પણ હોટલ, રેસ્ટોરન્ટ કે ખાણી-પીણીના વેપારીઓ દ્વારા એનાલોગ પનીર કે ચીઝનો ઉપયોગ કરવામાં આવશે, તો તેમની સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. એટલું જ નહીં, આવા કિસ્સામાં તાત્કાલિક અસરથી સંલગ્ન લાયસન્સ કે રજિસ્ટ્રેશન રદ કરવાની પણ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## વડોદરામાં બે સ્થળોએ રીક્ષા પલટી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭
શહેરમાં અકસ્માતની બે અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે, જેમાં મુસાફરી કરી રહેલી બે રિક્ષા અચાનક પલટી ખાઈ જતાં બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા છે. પ્રથમ બનાવમાં, એરપોર્ટ સર્કલથી માણેકપાર્ક તરફ જઈ રહેલી એક રિક્ષા પલટી ખાઈ ગઈ હતી. જેમાં સવાર ૨૧ વર્ષીય શેખરભાઈ રાઠોડ, રહે. કૃષ્ણા નગર ૧, ખોડિયારનગર પાસે ને જમણા ખભે, જમણા હાથમાં અને જમણા પગમાં ઈજાઓ પહોંચી હતી. બનાવની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હાલ હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે અને તેઓ સંપૂર્ણપણે ભાનમાં છે.જ્યારે બીજા અન્ય બનાવમાં, સંગમ ચાર રસ્તાથી વારસિયા રીંગ રોડ તરફ જવાના માર્ગ પર વધુ એક રિક્ષા પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં રિક્ષામાં સવાર સુરેશભાઈ અશોકભાઈ સોલંકીને ઈજા પહોંચી હતી.

## નવાયાર્ડમાં યુવાનને ખેંચ ઉપડતા માથામાં ઈજા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭
નવાયાર્ડ વિસ્તારમાં આવેલ સરસ્વતી નગર ખાતે રહેતા ૩૪ વર્ષીય ઉમેશભાઈ પોતાના ઘરે હતા તે દરમિયાન અચાનક તેમને ચક્કર આવતા તેઓ જમીન પર ફસડાઈ પડ્યા હતા. આ બનાવના થોડી જ ક્ષણોમાં તેમને ખેંચ ઉપડતા માથાના ભાગે ઈજા પહોંચી હતી.ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પરિવારજનો દ્વારા તાત્કાલિક ઈમરજન્સી સેવા ૧૦૮ નો સંપર્ક કરવામાં આવ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે સમય સૂચકતા વાપરી ત્વરિત ઘટનાસ્થળે પહોંચીને દર્દીને પ્રાથમિક સારવાર આપી હતી અને તાત્કાલિક ધોરણે વધુ સારવાર અર્થે શહેરની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. સયાજી હોસ્પિટલના તબીબી સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, હાલ ઉમેશભાઈની તબિયતમાં સુધારો છે અને તેઓ સંપૂર્ણપણે ભાનમાં છે.

### નશામાં ડ્રાઇવિંગ સામે કડક કાર્યવાહીની માંગ

## સન ફાર્મા રોડ પર દારૂના નશામાં ધૂત કારચાલકે અકસ્માત સર્જ્યો

**ગેલેક્સી હોસ્પિટલ** સામે કાર ડિવાઇડર-થાંભલા સાથે અથડાઈ, એરબેગ ખુલી ગયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.6
વડોદરા શહેરના તાંદલજા વિસ્તાર નજીક આવેલા સન ફાર્મા રોડ પર ગેલેક્સી હોસ્પિટલ સામે દારૂના નશામાં કાર ચલાવતા એક ચાલકે ગંભીર અકસ્માત સર્જ્યો હતો. નશાની હાલતમાં સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર અને વીજ થાંભલા સાથે જોરદાર અથડાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે અથડામણની તીવ્રતાને કારણે કારના એરબેગ તરત જ ખુલી ગયા હતા અને કારના આગળના ભાગે નુકસાન થયું હતું. પ્રાથમિક માહિતી અનુસાર



કારચાલક ભારે નશાની હાલતમાં હોવાનું જાણવા મળતા ઘટનાસ્થળે મોટી સંખ્યામાં સ્થાનિકો એકત્ર થઈ ગયા હતા. નશામાં વાહન ચલાવતા લોકો સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવાની લોકોએ માંગ કરી હતી. સ્થાનિકોનું કહેવું છે કે છેલ્લા કેટલાક સમયથી તાંદલજા વિસ્તારમાં માર્ગ અકસ્માતોની વણઝાર જોવા મળી રહી છે. વારંવાર બનતા અકસ્માતોને કારણે વિસ્તારના લોકોમાં ભય અને અસંતોષનો માહોલ છે. ટ્રાફિક નિયમોનું કડક પાલન કરાવવામાં આવે અને દારૂ પીને વાહન ચલાવનારાઓ સામે સખત પગલાં લેવાય તો જ આવા અકસ્માતો અટકી શકે, એવી લાગણી સ્થાનિકોએ વ્યક્ત કરી હતી. આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ હોવાના અહેવાલ નથી.

## નવાયાર્ડમાં યુવાનને ખેંચ ઉપડતા માથામાં ઈજા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭
નવાયાર્ડ વિસ્તારમાં આવેલ સરસ્વતી નગર ખાતે રહેતા ૩૪ વર્ષીય ઉમેશભાઈ પોતાના ઘરે હતા તે દરમિયાન અચાનક તેમને ચક્કર આવતા તેઓ જમીન પર ફસડાઈ પડ્યા હતા. આ બનાવના થોડી જ ક્ષણોમાં તેમને ખેંચ ઉપડતા માથાના ભાગે ઈજા પહોંચી હતી.ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પરિવારજનો દ્વારા તાત્કાલિક ઈમરજન્સી સેવા ૧૦૮ નો સંપર્ક કરવામાં આવ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે સમય સૂચકતા વાપરી ત્વરિત ઘટનાસ્થળે પહોંચીને દર્દીને પ્રાથમિક સારવાર આપી હતી અને તાત્કાલિક ધોરણે વધુ સારવાર અર્થે શહેરની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. સયાજી હોસ્પિટલના તબીબી સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, હાલ ઉમેશભાઈની તબિયતમાં સુધારો છે અને તેઓ સંપૂર્ણપણે ભાનમાં છે.

### શ્રીનાથજી સોસાયટીની ઘટનામાંથી રેસ્ક્યૂ કરાયું

## વાઘોડિયા રોડના મકાનમાં મોનીટર લિઝાર્ડ ઘૂસતા ભય

(પ્રતિનિધિ) વડોદરા, તા.6
વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર આવેલી શ્રીનાથજી સોસાયટીમાં એક રહેણાંક મકાનમાં સાડા ત્રણ ફૂટથી વધુ લંબાઈની વિશાળ પાટલા ઘો ઘૂસી આવતા પરિવારમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે, બનાવની જાણ થતાં રેસ્ક્યુ ટીમે તાત્કાલિક પહોંચીને પાટલા ઘોનું સુરક્ષિત રીતે રેસ્ક્યુ કર્યું હતું. સોસાયટીમાં રહેતા બસંતભાઈના ઘરે આજે વોશિંગ મશીનની પાછળ અચાનક વિશાળ કદની પાટલા ઘો દેખાઈ હતી. ઘરના સભ્યોની નજર પડતા જ તેઓ ગભરાઈ ગયા હતા અને તાત્કાલિક મદ માટે રેસ્ક્યુ ટીમનો સંપર્ક કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ રેસ્ક્યુઅર નીતિન સોલંકી અને પ્રિતેશ સોલંકી સ્થળ પર દોડી આવ્યા હતા. જરૂરી સાવચેતી અને સાધનો સાથે તેમણે સંકડાશવાળી



જગ્યામાંથી પાટલા ઘોનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું. લગભગ સાડા ત્રણ ફૂટથી વધુ લંબાઈ ધરાવતી આ પાટલા ઘોને કોઈ નુકસાન ન થાય તે રીતે પકડીને બાદમાં સુરક્ષિત સ્થળે છોડી દેવામાં આવી હતી.રેસ્ક્યુઅરે પરિવારજનોને અપીલ કરી હતી કે ઘરમાં આસપાસની જગ્યાઓ સાફ રાખવામાં આવે અને કોઈપણ સરિસૃપ દેખાય તો તેને મારવાને બદલે તાત્કાલિક રેસ્ક્યુ ટીમને જાણ કરવામાં આવે.

### મકાનોને નુકસાન ન થાય તે રીતે નવી પાઇપલાઇન નખાશે

## કાકાસાહેબના ટેકરા વિસ્તારમાં ડ્રેનેજની સમસ્યાના કાયમી નિકાલ માટે સમીક્ષા

**ગટરમાં પ્લાસ્ટિક** અને કપડાં ન ફેંકવા તંત્રની નાગરિકોને અપીલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭
શહેરના વોર્ડ નંબર ૧૪ માં આવેલા દાંડિયા બજાર વિસ્તારના કાકાસાહેબના ટેકરા ખાતે છેલ્લા કેટલાક સમયથી ડ્રેનેજ લાઈન ઉભરાવાની અને ગટરના ગંદા પાણી રસ્તા પર ફરી વળવાની ગંભીર સમસ્યા સામે આવી રહી છે. સ્થાનિક રહીશોને પડતી ભારે મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને તંત્ર અને સ્થાનિક લોકપ્રતિનિધિઓ હરકતમાં આવ્યા છે. આ સમસ્યાના કાયમી નિકાલ અર્થે સ્થાનિક નગરસેવકો, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના ડ્રેનેજ પ્રોજેક્ટના કાર્યપાલક ઈજનેર, ડેપ્યુટી ઈજનેર અને સભાસદોએ સ્થળ પર પહોંચીને પરિસ્થિતિનું



ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. સ્થળ નિરીક્ષણ દરમિયાન બહાર આવ્યું હતું કે નવી ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી અગાઉ શરૂ કરવામાં આવી હતી, પરંતુ ખોદકામ દરમિયાન જમીનમાંથી ચીકણી માટી અને રબર જેવો કીચડ નીકળવાને કારણે કામગીરી અટકી ગઈ હતી,.તંત્ર દ્વારા જણાવાયું છે કે ટૂંક સમયમાં સોઈલ ટેસ્ટિંગ (માટી પરીક્ષણ) કરાવીને યોગ્ય નવી ટેકનોલોજીના ઉપયોગ સાથે નવી પાઈપલાઈન નાખવાનું કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. અધિકારીઓ અને પ્રતિનિધિઓએ આ તકે ડ્રેનેજ ચોક-અપ થવા પાછળનું મુખ્ય કારણ પણ સ્પષ્ટ કર્યું હતું. ગટરમાં અજાણતા કે બેદરકારીપૂર્વક ફેંકવામાં આવતો પ્લાસ્ટિકનો કચરો, કપડાં, સેનિટરી નેપકિન, થર્મોકોલ અને ટુવાલ જેવી વસ્તુઓને કારણે લાઈન વારંવાર બ્લોક થઈ જાય છે,. તંત્ર દ્વારા સ્થાનિક નાગરિકોને નમ્ર અપીલ કરવામાં આવી છે કે તેઓ આ પ્રકારનો કચરો ગટરમાં ન ફેંકતા ડોર-ટુ-ડોર કચરા ગાડી અથવા ડસ્ટબિનનો જ ઉપયોગ કરે.

### શ્રીનાથજી સોસાયટીની ઘટનામાંથી રેસ્ક્યૂ કરાયું

## કરોડિયામાંથી રૂપિયા ૪.૬૦ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭
તહેવારોના માહોલ વચ્ચે વડોદરા શહેરમાં ગેરકાયદે દારૂની વેચાણ તથા હેરાફેરી સામે સ્ટેટ મોનિટરિંગ સેલે સપાટો બોલાવવાનુ શરૂ કર્યુ છે. જવાહરનગર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા કરોડિયા વિસ્તારમાં SMCની ટીમે બુટલેગર ખાલીદ તેને ત્યાં દરોડો પાડી વિદેશી દારૂ અને બિયર સહિત રૂ.6.50 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. દરોડા દરમિયાન બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા, જ્યારે દારૂના જથ્થા સાથે સંકળાયેલા અન્ય છ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. કરોળિયા ખાતે આવેલા રમેશનગર, ભેરૂબાબાના મંદિર સામે દરોડો પાડ્યો હતો.
દરમિયાન સ્થળ પરથી વિદેશી દારૂ અને બિયર મળી રૂ.4.60 લાખ હોવાનું સામે આવ્યું છે. અન્ય મુદ્દામાલ સહિત પોલીસે રૂ.6.50



લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દરોડા દરમિયાન લીસ્ટેડ બુટલેગર ખાલીદ કાસમ શેખ અને અલ્પેશ રાજેન્દ્ર મિહોલિયાને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે ઈમરાન ઈબ્રાહીમ રાઠોડ, તુફેલ ઈમરાન રાઠોડ, રફીકશા દિવાન, સાહિલ રાજ, પરવેઝ રાઠોડ અને આરિફ ઉર્ફે જગ્ગા રાઠોડ સહિત છ આરોપીઓ પોલીસની પકડથી બહાર હોવાથી તેમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. આ મામલે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં આઠ આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરાઈ છે.

### વડોદરામાં ફિનાઈલ પી લેવાના બે બનાવો

## વારસિયા અને વીઆઈપી રોડના બનાવમાં જાનહાનિ ટળી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭
શહેરમાં આપઘાતના પ્રયાસના બે અલગ-અલગ બનાવો પ્રકાશમાં આવ્યા છે, જેમાં બે અલગ વિસ્તારોમાં રહેતી મહિલાઓએ અગમ્ય કારણોસર ફિનાઈલ પી લીધું હોવાનું સામે આવ્યું છે. બંને કિસ્સાઓમાં સમયસર તબીબી સહાય મળી રહેવાથી સદનસીબે જાનહાની ટળી છે અને હાલ બંને દર્દીઓની સયાજી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. પ્રથમ બનાવની વિગતો મુજબ, વારસિયા રીંગ રોડ પર આવેલા વિદ્યામંદિર સ્કૂલ નજીક શાહીબાગ સોસાયટીમાં રહેતા ૭૫ વર્ષીય ગૌરીબેન મનુભાઈ જીંગલે અગમ્ય કારણોસર ફિનાઈલ પી લીધું હતું. વડીલ વયના ગૌરીબેને અચાનક આ આત્યંતિક પગલું ભરતા પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી. પરિવાર દ્વારા તેમને ત્વરિત સારવાર અર્થે શહેરની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાલ ડોક્ટરોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે અને રાહતની વાત એ છે કે તેઓ હાલ સંપૂર્ણપણે ભાનમાં છે. બીજી ઘટના વીઆઈપી રોડ પર અંબિકા સ્કૂલ પાસે આવેલા ગુરુદેવ એપાર્ટમેન્ટમાં બની હતી. અહીં રહેતી ૨૪ વર્ષીય મિતાલી નિકુલ રાણાએ પણ અગમ્ય કારણોસર ફિનાઈલનું સેવન કરી લીધું હતું. યુવતીએ આ પગલું ભરતા તેની તબિયત લથડી હતી, જેથી તેને પ્રાથમિક સારવાર માટે રાવપુરા સ્થિત સુવિદ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી હતી. જ્યાંથી વધુ સારવાર અને નિષ્ણાત તબીબી દેખરેખની જરૂર જણાતા તેને રિફર કરીને સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે, જ્યાં તેની સારવાર ચાલુ છે.

### ગાજરાવાડીમાં રોડની નબળી ગુણવત્તાની પોલ ખુલી

## રિવર્સ લેતી વખતે ટેમ્પોનું વ્હીલ રોડમાં બેસી ગયું, લોકોમાં રોષ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭
શહેરમાં વહીવટી તંત્ર દ્વારા વિકાસના મોટા દાવાઓ કરવામાં આવતા હોય છે, પરંતુ જમીની હકીકત આ દાવાઓની પોલ ખોલી નાખતી હોય છે. તાજેતરમાં વડોદરાના ગાજરાવાડી વિસ્તારમાંથી રોડની અત્યંત ખરાબ અને નબળી ગુણવત્તા દર્શાવતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓમાં તંત્ર સામે રોષ ફાટી નીકળ્યો છે. મળતી માહિતી મુજબ, ગાજરાવાડી સુએજ પમ્પિંગ સ્ટેશન સામે આવેલા સ્મશાન નજીકથી એક આઈસર ટેમ્પો પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન જ્યારે ટેમ્પો ચાલકે વાહન રિવર્સ લીધું, ત્યારે અચાનક જ રોડની સપાટી બેસી ગઈ અને ટેમ્પોનું આખું વ્હીલ જમીનની અંદર ગરકાવ થઈ ગયું. રોડની નબળી અને પોચી માટી



તથા તૂટેલી હાલતને કારણે ભારેખમ વાહન ત્યાં જ ફસાઈ ગયું હતું. સ્થિતિ એટલી ગંભીર હતી કે ટેમ્પો ચાલક જાતે વાહનને બહાર કાઢવામાં અસમર્થ રહ્યો હતો. આખરે ભારે જહેમત અને ક્રેનની મદદ લેવી પડી હતી, ત્યારબાદ જ ફસાયેલા વાહનને બહાર કાઢવામાં સફળતા મળી હતી. આ ઘટનાને નજરે જોનારા અને સ્થાનિક રહીશોમાં રોડના નિર્માણની ગુણવત્તાને લઈને ભારે આક્ષેપો થઈ રહ્યા છે. લોકોનું કહેવું છે કે રોડ બનાવતી વખતે ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે અને ગુણવત્તાના ધોરણોને નેવે મૂકી દેવામાં આવે છે. રોડનું કામ પૂર્ણ થયા બાદ તેને ઉત્તમ ગુણવત્તાવાળો ગણાવીને તંત્ર દ્વારા વાહવાહી મેળવવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે અને થોડા જ મહિનાઓમાં નવા બનેલા રસ્તાઓ પણ ઉખડી જાય છે અથવા બેસી જાય છે. પ્રજાના પરસેવાની કમાણીમાંથી ચૂકવાતા કરવેરાના નાણાંમાંથી બનતા આ વિકાસના કાર્યો માત્ર કાગળ પર જ મજબૂત સાબિત થાય છે. આ પ્રકારની ઘટનાઓથી સ્થાનિક નાગરિકોની સુરક્ષા સામે પણ જોખમ ઊભું થાય છે. આ બનાવ બાદ રહીશોએ માંગ કરી છે કે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ સમગ્ર માર્ગની ગુણવત્તાની ઉચ્ચ સ્તરીય તપાસ કરવામાં આવે.

### બહોળા અનુભવ, દુરંદેશી અભિગમ

## GCCIના ઓનરરી સેક્રેટરી તરીકે હિમાંશુ પટેલ બિનહરીફ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭
આજરોજ અમદાવાદ ખાતે યોજાયેલી "ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI)" ની બેઠકમાં વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (VCCI)ના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ હિમાંશુભાઈ પટેલનીઓનરરી સેક્રેટરી (રીજનલ)તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી.વર્ષ1949માં સ્થાપિતગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) રાજ્યની અગ્રણી અને એપેક્સ વેપાર-ઉદ્યોગ સંસ્થા છે, જે સમગ્ર ગુજરાતના વેપાર, ઉદ્યોગ અને ઉદ્યોગકારોના હિતોના સંરક્ષણ તથા તેમના પ્રશ્નોના અસરકારક પ્રતિનિધિત્વ માટે કાર્યરત છે. હિમાંશુભાઈ પટેલ છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમયથી વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સાથે સક્રિય રીતે સંકળાયેલા રહી વિવિધ હોદ્દાઓ પર સફળતાપૂર્વક કામગીરી બજાવી



રહ્યા છે. ઉદ્યોગ-વેપારના પ્રશ્નોના અસરકારક નિરાકરણ, સભ્યોના હિતોના રક્ષણ તેમજ સંસ્થાકીય વિકાસમાં તેમણે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમની નિષ્ઠા, કાર્યકુશળતા અને બહોળા વહીવટી અનુભવને ધ્યાનમાં રાખીને તેમને જીસીસીઆઈની આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે.હિમાંશુભાઈ પટેલની બિનહરીફ વરણીથી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને તેમના બહોળા અનુભવ, દુરંદેશી અભિગમ અને સંગઠનાત્મક નેતૃત્વનો લાભ મળશે તેવી ઉદ્યોગ અને વેપાર જગતમાં આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## હાઈવે પર કારમાંથી ૪૬ વર્ષીય અજાણ્યો પુરુષ બેભાન હાલતમાં મળ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭
નેશનલ હાઈવે પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોની નજર દરજીપુરા રેલવે ક્રોસિંગ પાસે ઊભેલી એક કાર પર પડી હતી. કારની અંદર એક વ્યક્તિ સીટ પર બેભાન અવસ્થામાં પડેલા નજરે પડ્યા હતા. લોકોએ કારની અંદર જોવાનો પ્રયાસ કરતા ગાડી અંદરથી લોક હતી અને વ્યક્તિ કોઈ જ પ્રતિક્રિયા આપી રહ્યા ન હતા. સમય બગાડ્યા વગર સ્થાનિકોએ હિંમત દાખવીને કારનો કાચ તોડી નાખ્યો હતો અને દરવાજો ખોલીને બેભાન હાલતમાં રહેલા અજાણ્યા પુરુષને બહાર કાઢવામાં આવ્યા હતા. આ બનાવની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ઈમરજન્સી ટીમે પ્રાથમિક તપાસ બાદ યુવકની હાલત નાજુક જણાતા વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.